# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૭-૯-૨૦૧૦**

- **આતંકવાદ સામે લડવા માટે એક થવાના બદલે ભાજપ આતંકવાદના નામે રાજનીતિ કરે છે.**
- **રાવણે ભગવા કપડાં પહેરીને સીતાજીનું અપહરણ કરેલું, તો શું તેને આતંકવાદી ન કહેવાય ?**
- **કોંગ્રેસના શાસનમાં મુંબઈથી જીવતો આતંકવાદી પકડાયો અને પાકિસ્તાનને ઝૂકાવ્યું.**
- **ભાજપના શાસનમાં મુશર્રફની સામે સુષ્મા સ્વરાજ ઝૂકી ગયા અને પકડાયેલા આતંકવાદીઓને કંદહાર છોડી આવ્યાં.**
- **મુખ્યમંત્રી પોતે ઈચ્છે છે કે, ગુજરાતમાં આતંકવાદીઓ આવવા જોઈએ અને તો જ આતંકવાદના નામે તેમની વોટબેન્ક મજબૂત બને.**
- **ગુજરાતમાં મુખ્યમંત્રી એક સલામત અને આખું ગુજરાત અસલામત.**
- **અફઝલ ગુરૂને ફાંસી ન આપવી જોઈએ તેમ કહેનારા જેઠમલાણીને ભાજપનું સંસદનું પદ અને અમિત શાહની વકીલાત.**

ગુજરાત વિધાનસભામાં છેલ્લા દિવસના પ્રસ્તાવ પર બોલતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આતંકવાદની સામે સહુએ એક બનીને લડવું જોઈએ. પરંતુ કમનસીબી એ છે કે, ભાજપ આતંકવાદના નામે રાજનીતિ કરે છે. આતંકવાદને કોઈ રંગ ન હોઈ શકે. કોઈપણ રંગનું આંચળ ઓઢીને આતંકવાદ કરે તો તે આતંકવાદી ગણાય. રાવણે ભગવા કપડાં પહેરીને સીતાજીનું અપહરણ કરેલું તો તેનાથી રાવણ આતંકવાદી નહોતા તેમ ન કહી શકાય. એમ પણ ન કહી શકાય કે, રાવણે ભગવું કપડું પહેર્યું હતું અને તેને આતંકવાદી કહેવાથી ભગવા રંગનું અપમાન થઈ ગયું છે. ભગવો રંગ સૂફી સંતો, સાધુઓ અને જન્મભૂમિ માટે મરણીયા થનારા રાજપૂતોનો રંગ છે. ભાજપે તો થોડા વર્ષોથી જેમ રાવણે સીતાજીનું અપહરણ કરવા ભગવા કપડા પહેર્યાં હતાં તેમ સત્તા માટે ભગવો રંગ અપનાવેલો છે. ભગવા કપડાં પહેરીને માલેગાંવ હોય કે મોડાસા હોય ત્યાં બોમ્બ ધડાકા કરનારા આતંકવાદીઓ જ છે.

આતંકવાદને નાથવા માટે કડક કાયદાની નહી, પરંતુ કડક ઈચ્છાશક્તિની જરૂરિયાત છે. કેન્દ્રમાં ભાજપની સરકાર હતી ત્યારે પોટા જેવો કાયદો હતો, પરંતુ આતંકવાદ સામે લડવાની ઈચ્છાશક્તિ ન હતી અને તેથી જ તેમના શાસનમાં રઘુનાથ મંદિર પર, લાલ કિલ્લા પર, દેશની સંસદ પર, અક્ષરધામ પર એવા અનેક સ્થળોએ આતંકવાદી હુમલાઓ થયાં હતાં.

યુ.પી.એ.ની સરકારની આતંકવાદ સામેની મજબૂત ઈચ્છાશક્તિના કારણે જ મુંબઈમાં જીવતો આતંકવાદી પકડ્યો અને નાર્કો એનાલીસીસ ટેસ્ટ જેવા ટેસ્ટ કરીને સમગ્ર દુનિયામાં એ સાબિત કરી બતાવ્યું કે આતંકવાદીઓને પાકિસ્તાન સહયોગ આપી રહ્યું છે. ઈન્ટરનેશનલ કોમ્યુનીટીના દબાણ નીચે પાકિસ્તાનને આતંકવાદી કેમ્પો ઉપર પોતાની ઈચ્છા ન હોવા છતાં પગલાં ભરવા માટે મજબૂર કેન્દ્ર સરકારે કર્યું અને તેથી જ જે આતંકવાદીઓ પાકિસ્તાનમાંથી આવીને હિન્દુસ્તાનમાં બોમ્બ ધડાકા કરતાં હતાં તે આતંકવાદીઓ હવે પાકિસ્તાન સરકારની સામે મોરચો માંડી ચૂકયા છે અને પાકિસ્તાનમાં બોમ્બ ધડાકા થાય છે. આને કહેવાય ચાણકયની નીતિ, કૃષ્ણની નીતિ અને ડો. મનમોહનસિંઘ અને સોનિયાજીની નીતિ. બીજી તરફ ભાજપમાં કેન્દ્રના શાસનકાળ દરમ્યાન પાકિસ્તાનને ઝૂકાવવાને બદલે મુશર્રફને ભારતમાં બોલાવી તેની સામે સુષ્મા સ્વરાજજી ઝૂકી ગયા હતા. કોઈ આતંકવાદીને પકડવાના બદલે દેશની જેલમાં રહેલા આતંકવાદીઓને કંદહાર છોડવા જવાનું પાપ ભાજપની સરકારે કર્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી પોતે ઈચ્છે છે કે, પોતે સલામત રહેવા જોઈએ, પરંતુ ગુજરાતમાં આતંકવાદીઓ આવવા જોઈએ, જેથી આતંકવાદના નામે તેમની વોટબેન્કની રાજનીતિ ચાલ્યા કરે. ભૂતકાળમાં કયારેય આતંકવાદી ગુજરાતમાં આવતા નહોતા. ગુજરાતના પ્રવર્તમાન મુખ્યમંત્રીના સમયમાં એવી પરિસ્થિતિ બની છે કે, પોતાનો બંગલો લોખંડી કિલ્લાની જેમ સલામત રાખ્યો, પરંતુ સામે આવેલ અક્ષરધામ આતંકવાદીઓના હવાલે કરી દીધું.

માલેગાંવથી લઈને મોડાસા સુધીના બોમ્બ ધડાકા કરનારાઓ રાવણની જેમ ભગવા કપડાં પહેરીને આતંક કરનારા લોકો હતાં. આ દેશદ્રોહીઓ જેલમાં ગયા પછી એકપણ બોમ્બ ધડાકો થયો નથી તે હકીકત છે. અફઝલ ગુરૂને ફાંસી ન આપવી જોઈએ તેમ કહેનારા જેઠમલાણીને ભાજપે સંસદના સભ્ય કેમ બનાવ્યા ? અફઝલ ગુરૂની વકીલાત કરનારા હાલ અમિત શાહની વકીલાત કરે છે.

**<u>વિરોધપક્ષના પૂર્વ નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા</u>**એ જણાવ્યું હતું કે, એક ગૃહ મંત્રી એવા હતા કે જેને શ્રીનગરની જેલમાં અઝહર મસુદ નામનો ત્રાસવાદી હતો, તેને જેલમાંથી છોડવાનો નિર્ણય કર્યો અને વિદેશ પ્રધાન સાથે તેને કંદહાર મોકલ્યા. એક ગૃહ મંત્રી એવા હતા કે, ઝીણાની મઝહાર પર માથું ટેકવી આવ્યા. મુશર્રફ આવ્યા ત્યારે પણ સલામી કરનાર કોણ હતું ? એ બધી વાતનો ઉલ્લેખ મારા સામા પક્ષના મિત્રોએ કર્યો હોત તો તે યોગ્ય ગણાત. ૧૯૩૦માં કેસરીયા ધ્વજ નહેરૂએ ફરકાવ્યો હતો અને તેની રક્ષા માટે ગાંધીજીએ બલિદાન આપ્યું. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની હત્યા થઈ.

તેમણે જણાવ્યું હતું કે, એક અઝહદ મસુર અહીં બેસી ત્રાસવાદ ચલાવી રહ્યા છે અને તે સાબરમતી જેલમાં છે. હરેન પંડ્યાની હત્યા ત્રાસવાદીએ નહોતી કરી, તેના આરોપીને બાંગ્લાદેશ કોણ મૂકી આવ્યું હતું ? નકલી લોકોને લઈને તેઓ મુખ્યમંત્રીને મારવા આવ્યા છે તેમ જણાવી ૨૮ જણાને જેલમાં મોકલવામાં આવ્યા. આવા લોકો બહાદુર હોય તો એકરાર કરે કે પોતે હુકમ કરેલો. પરંતુ તેમ નહીં કરતાં કાયરતા દર્શાવે છે. જે ગૃહમંત્રીએ લોકોને પકડવાના હોય, જે કાયદા મંત્રીએ કાયદાનો અમલ કરવાનો હોય, જે જેલપ્રધાને જેલમાં સવલતો આપવાની હોય, એ પૂર્વ ગૃહ, કાયદા અને જેલમંત્રી આજે ખુદ જેલમાં છે. ભગવા અને કેસરીયા ઝંડા નીચે ખુદ અમારા માણસો શહીદ થયા છે અને પ્રાણ આપવાની તૈયારી છે, એટલે ભગવા શબ્દના નામે લોકોને ઉશ્કેરવાની કોઈ જરૂર નથી.

**<u>શ્રી સિદ્ધાર્થ પટેલે</u>** જણાવ્યું હતું કે, આતંકવાદ દેશ સામેનો પડકાર છે અને તેનો અત્યંત કડકાઈથી કટીબદ્ધ થઈને મુકાબલો કરવો સહુ કોઈ માટે જરૂરી છે. પરંતુ અહીં જે પરિસ્થિતિ છે તે જોતાં એવું લાગે છે કે, આતંકવાદ સામે લડવાની વાત ઓછી અને ભગવા અંગે રાજનીતિ કરવાની માનસિકતા વધુ છે. આતંકવાદ બે પ્રકારના છે : એક બહારના દેશો દ્વારા થતો આતંકવાદ અને બીજો દેશની અંદરના પરિબળો દ્વારા ઉભો કરાતો આતંકવાદ. આતંકવાદને કોઈ રંગ હોતો નથી. પરંતુ અહીં ભગવા રંગના નામે રાજનીતિ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જે અત્યંત નિંદનીય છે.

તેમણે જણાવ્યું હતું કે, હિન્દુ ધર્મ વિશાળ છે. તેમાં અનેક રંગો સમાયેલા છે. રામાપીરમાં લીલી ધજા, અંબાજી મંદિરમાં લાલ ધજા અને અનેક મંદિરો એવા છે કે જેમાં ધોળી ધજા જોવા મળે છે. ધર્મને રંગ સાથે સાંકળી રાજનીતિ કરવાનો પ્રયત્ન ટીકાપાત્ર છે. રાજકીય ઈચ્છાશક્તિની વાત કરીએ તો, કંદહાર કોણ છોડવા ગયું હતું ? તેનો વિચાર કરવો જોઈએ. ગુજરાતમાં એક જ વ્યક્તિની લડવાની માનસિકતા હોય એવી વાત કરીએ એ બરોબર નથી. પોતાની નીચે રેલો આવે ત્યારે કોઈને ઢાલરૂપે ધરી દેવા એવી માનસિકતા ચાલી રહી છે. હવે સાધુસંતોનો ઢાલ તરીકે ઉપયોગ કરવા પ્રયત્ન થાય છે.

આતંકવાદ સામે લડવાની ચિંતા છે ખરી ? એવો પ્રશ્ન કરીને શ્રી સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, ધાર્મિક લાગણીઓ ઉશ્કેરી રાજકારણ કરવાનો અત્યંત નીચલી કક્ષાનો પ્રયત્નનો કોઈ બચાવ જ હોઈ શકે નહીં.

તેમણે જણાવ્યું હતું કે, ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર વિનાના શાસનની વાત કરતા હતા, પરંતુ આજે શું પરિસ્થિતિ છે ? પૂર્વ રા.ક.ના ગૃહ અને કાયદા મંત્રી ખંડણી ઉઘરાવવાના આક્ષેપ સહ જેલમાં છે. ભયમુક્તને ભયભીત કરીને ખંડણી ઉઘરાવવામાં આવે તે ઘટના નિર્દેશ કરે છે કે કઈ દિશામાં જઈ રહ્યા છીએ ?

તેમણે કહ્યું કે, માલેગાંવ, અજમેર, હૈદરાબાદ, સમજૌતા એક્સપ્રેસ, મોડાસા એમ એક એક બનાવો જોઈએ તો કોના તરફ આંગળી ચીંધે છે, તેનો વિચાર કરો. હવે આંખે પાટા બાંધીને પ્રજાને મૂર્ખ નહીં બનાવી શકાય. બંધારણમાં સર્વધર્મ સમભાવની વાત છે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, કેટલાક પરિબળો એવા છે કે જેમને બંધારણમાં વિશ્વાસ નથી, દેશની એકતાની ચિંતા નથી અને વિકાસની પડી નથી તેવા લોકો દેશને નબળો કરવા પ્રયાસ કરી રહ્યા છે.

આ પ્રસ્તાવ પરની ચર્ચામાં કોંગ્રેસ પક્ષના સભ્યો ભાગ લઈ રહ્યા હતા ત્યારે કેટલાક મંત્રીઓ સહિત ભાજપના સભ્યોએ અવરોધો ઉભા કરવાના પ્રયાસો કર્યા હતા, જેને વિધાનસભાના અધ્યક્ષશ્રીએ કડક ભાષામાં ચેતવણી આપીને સંયમમાં રહેવાની ટકોર કરી હતી. એક તબક્કે તો અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી સિદ્ધાર્થભાઈ સિનિયર સભ્ય છે, ત્યારે તેઓ સંબોધન શરૂ કરે તે પહેલાં જ અવરોધ ઉભો કરવાના પ્રયાસ યોગ્ય નથી. તેમને તેમના વિચારો વ્યક્ત કરવાની પૂરી તક આપવી જોઈએ.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ